ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગતિની મસ્તી - શ્રમિક પરિવારના બાળકો ફુટપાથ પર નાનકડી ટ્રાયસીકલ દોડાવી મસ્તી અનુભવે છે... કદાચ આ બાળકોના ભાગ્યમાં સમર કેમ્પ નહિ હોય... કોઈ રમતની કે નૃત્યની તાલીમનો મંચ તેમના પ્રારબ્ધમાં નહિ હોય... પરંતુ ફુટપાથ પર ભાઈ-બહેનની જોડી સવાર-સાંજ પપ્પાએ લાવી આપેલી નવી નક્કોર ટ્રાયસીકલ દોડાવીને મજા માણે છે... ચહેરાની ચમક જ મજાનો અહેસાસ કરાવે છે... **(તસવીર : દિપક જાની)**

શહેરમાં અદૃશ્ય બમ્પના કારણે અકસ્માતો : પટ્ટા કરવા અનિવાર્ય

વાઇબ્રન્ટ પૂર્વે બ્યુટીફીકેશન પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો હતો

ગાંધીનગર,તા૨૪

શહેરના માર્ગો અને બ્યુટીફીકેશન પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતાં નગરના મોર્ગો હાલ માર્ગ સલામતીની દ્રષ્ટિએ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના આંતરિક માર્ગો પર બમ્પ પર જરુરી પટ્ટા કરવામાં ન આવતા વારંવાર અકસ્માતો થાય છે. જેના પરિણામે માર્ગ સલામતી જોખમાઇ છે.

ગત વાઇબ્રન્ટ પૂર્વે જ શહેરના માર્ગોના બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેના અંતે શહેરની રોનક બદલાઇ ગઇ હતી. ચકાચક જોવા મળતા રસ્તાઓ આર્કષણનુ કેન્દ્ર બન્યા હતા.શહેરના મુખ્ય માર્ગોનુ વિશેષરૂપે બ્યુટીફીકેશન કરવામાં આવ્યુ હતુ. જયારે હાલ થોડાક મહીનાઓમાં જ

● અનુસંધાન પાન-૭ પર

એસ.ટી.ડેપોમાં ૧૬ ડ્રાઈવરની ઘટ

ગાંધીનગર,તા૨૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે પણ મુસાફરલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાઇ નથી. ડેપોમાં મેન પાવરનો પણ અભાવ વર્તાય છે.ડેપોમાં નવી બસો ફાળવવામાં આવ્યા બાદ લાંબા સમયના અંતે પણ ડ્રાઈવરની ઘટ નિવારી શકાઇ નથી.હાલની સ્થિતિએ ડેપોમાં ૧૬ ડ્રાઈવરોની ઘટ છે. જો કે ટૂંકમાં ડ્રાઈવરોની ભરતી કરી દેવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોને અકબાજુ મોડેલ ડેપો બનાવવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. આમછતાં ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓના નામે મીંડુ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવા હજુ ઘણું ખૂટતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.ગત વર્ષોમાં એસ ટી ડેપોને નવી બસો ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત ડેપોને સી સી ટીવી કેમેરાથી પણ સજ્જ કરી દેવાયુ છે. પરંતુ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. જેના પરિણામે ડેપો સંકુલમાં ઘણીવાર પીકપોકેટીંગના બનાવો પણ બનવા પામે છે. બીજીતરફ ડેપોના વર્કશોપમાં પણ મેન પાવરનો અભાવ વર્તાય છે.અગાઉ પણ ડેપોમાં મિકેનીકની ઘટનો પ્રશ્ન ઉદભવ્યો ગતો. હાલની સ્થિતિએ ડેપોમાં ડ્રાઈવરોની પણ ઘટ છે. સુત્રોના જણાંવ્યા અનુસાર હાલના તબક્કે ડ્રોઈવરોની સંખ્યા ૨૨૯ છે. જયારે ૧૬ ડ્રાઈવરોની ઘટ છે.ડ્રાઈવરોની ભરતીને અનુલક્ષી ડિવિઝનલ કચેરીમાં ટેસ્ટ પણ લેવામાં આવી રહયો છે.જેના લીધે ટૂંક સમયમાં ડ્રાઈવરોની ઘટની સમસ્યા હલ થઈ જશે. આગામી જુન મહીનામાં જગ્યાઓ ભરાઈ જશે. આ ઉપરાંત ડેપોમાં હાલ કંડકટરોની સંખ્યા ૨૧૨ જેટલી છે. જયારે ૪૩ કંડકટરોની ઘટ છે. કંડકટરોની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય છે.

સોમવારે મનપાની સેવાઓ માટે વેબસાઈટ લોન્ચ કરાશે

માતા-બાળકોમાં કુપોષણ અટકાવવા કઠોળ વિતરણ કરાશે

મેલેરીયા નિયંત્રણ દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા અપાતી સેવાઓ માટે નગરજનોની સુગમતા રહે તે હેતુથી વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઈટ તા. ૨૭મી એપ્રિલ સોમવારે વિધિવત લોન્ચ કરાશે. આ કાર્યક્રમ મેયર મહેન્દ્રસિંહ રાણાની અધ્યક્ષતામાં સે-૧૨ના આંબેડકર હોલમાં સવારે ૯.૩૦ કલાકે યોજાશે. આ સાથે એનેમીયા નિવારણ માટે કઠોળ વિતરણ યોજાશે અને મેલેરિયા નિયંત્રણ દિવસ પણ ઉજવાશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ પદે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર સુભાષભાઈ પાંડવ, મનપાના નેતા મનુભાઈ પટેલ અને બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ મેનેજર રાજીવભાઈ પાઠક ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સગર્ભા અથવા ધાત્રી માતામાં તેમજ બાળકોમાં કુપોષણ વિરૂદ્ધ અભિયાન અંતર્ગત એનેમીયા નિવારણ માટે કઠોળનું વિતરણ કરાશે. આ ઉપરાંત કાર્યક્રમમાં મેલેરિયા નિયંત્રણ દિવસની પણ ઉજવણી કરવામાં આવશે.

સે-૮ના રહેણાંક વિસ્તારમાં એક મહીનાથી ફોન બંધ

ગાંધીનગર, તા.૨૪

સે-૮ના ખાનગી રહેણાંક વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી ટેલીફોન સેવા ઠપ્પ થઈ ગઈ છે. આ મામલે સ્થાનિક રહીશો દ્વારા બી એસ એન એલના તંત્રને અનેકવાર રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે.

શહેરમાં ટેલીફોન સેવાના ધાંધીયાથી નાગરીકો ત્રસ્ત થઈ ગયા છે. અનેક ફરિયાદો ઉઠવા છતા તંત્ર દ્વારા ફરિયાદોનુ સમયસર નિરાકરણ આવતુ નથી. સે-૮માં પણ ખાનગી સોસાયટીમાં છેલ્લા એક મહીનાથી ટેલીફોન સેવા છીનવાઇ ગઇ છે. સે-૮ બીમાં પ્લોટ નં- ૩૨૯ થી લઇ આસપાસના ૨૫ જેટલા ઘરોમાં ટેલીફોન બંધ હાલતમાં છે. આ અંગે સોસાયટીના જાગૃત નાગરિક અશ્વિન ત્રિવેદી દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. જેનાલીધે સોસાયટીના રહીશોએ ભારે હાલાકી ભોગવવી પડે છે.

કૃષિ મહોત્સવમાં કાળઝાળ ગરમીની અસર : ખેડુતોની પાંખી હાજરી

ગાંધીનગર, તા.૨૪

રાજયમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થવા પામ્યો છે. આ ગરમીના કારણે કૃષિ મહોત્સવમાં ખેડુતોની પાંખી હાજરીના કારણે કાર્યક્રમનો ફલોપ શો જોવા મળી રહ્યો છે.

રાજય સરકાર દ્વારા અખાત્રીજથી રાજયમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ કર્યો છે. જિલ્લા અને તાલુકા મથકોએ દરરોજ સવારના ૯થી ૧ દરમિયાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

બીજી તરફ ઉનાળાનો પ્રારંભ થતાં જ કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થવા પામ્યો છે છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ઉંચે જતા ગરમીનું

● અનુસંધાન પાન-૭ પર

મેલેરિયાથી બચવા આપણી સાવચેતી એજ આપણી સુરક્ષા

મેલેરિયાના મચ્છરની ઉત્પત્તિ ચોખ્ખા પાણીમાં થાય છે : અઠવાડિયે એક વાર પાણી સંગ્રહના પાત્રો સાફ કરી તડકે સુકવવા જોઈએ : મોડી સાંજે-વહેલી સવારે બારી-બારણા બંધ રાખવા અને શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા જોઈએ



વિશ્વ મેલેરિયા દિન વિશેષ

ગાંધીનગર, તા.૨૪

વિશ્વભરમાં તા. ૨૫મી એપ્રિલ મેલેરિયા દિવસ તરીકે ઉજવાય છે. તાજેતરમાં નવા શોધાયેલા 'નોલેશી' મેલેરિયા સાથે કુલ પાંચ પ્રકારના મેલેરિયા દુનિયામાં લોકોનું જીવન મુશ્કેલ બનાવી રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ વર્ષે મેલેરિયા સામે જાગૃતિ ફેલાવવા 'ભવિષ્યનું વિચારો, મેલેરિયા ભગાડો' સુત્ર વહેતું મુકાયું છે. હાલ દુનિયાના ૧૦૬ દેશોમાં કુલ ૩.૩ બિલિયન લોકો મેલેરિયાના જોખમ હેઠળ જીવી રહ્યાં છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન સાત વિવિધ આરોગ્ય લક્ષી દિવસો ઉજવવામાં આવે છે જેમાં આરોગ્ય દિન, નો ટોબેકો ડે, હિપેટાઈટીસ દિવસ, એઈડસ દિન, રકતદાતા દિન, ટીબી દિન, ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) દિન અને મેલેરિયા દિન નો સમાવેશ થાય છે. મેલેરિયા એ એનોફીલીસ મચ્છર કરડવાથી ફેલાય છે. આ મચ્છરનું આયુષ્ય માત્ર ૨૮ થી ૩૦ દિવસનું હોય છે. આ મચ્છર ૩ કિ.મી. સુધી ઉડી શકે છે અને એક સાથે એક વ્યકિતને કરડે છે પરંતુ ડેન્ગ્યુમાં તે ૧૫ થી ૨૦ વ્યકિતને કરડે છે. કુલ પાંચ પ્રકારના મેલેરિયા દુનિયામાં જોવા મળે છે તેમાંથી પ્લાઝમોડિયમ વાયવેક્ષ (સાદો મેલેરિયા) અને પ્લાઝમોડિયમ ફાલ્સીફેરમ (ઝેરી મેલેરિયા) આ બે જ ગુજરાતમાં જોવા મળે છે. ઝેરી મેલેરિયાથી રોગીનું મૃત્યુ પણ થઈ શકે છે. મેલેરિયાના બાકીના પ્રકારોમાં પ્લાઝમોડિયમ ઓવેલ, પ્લામોડિયમ મેલેરી તેમજ નવો શોધાયેલ પ્લાઝમોડિયમ નોલેશીનો સમાવેશ થાય છે. વિશ્વમાં મેલેરિયાના સૌથી વધુ અસરગ્રસ્તો આફ્રિકન દેશોમાં જોવા મળી રહ્યા છે.

મેલેરિયાનો મચ્છર મોડી રાત્રે કે વહેલી સવારે કરડે છે અને તેની ઉત્પત્તિ ચોખ્ખા પાણીમાં જ થાય છે. આ મચ્છરના ઈંડામાંથી પોરા બનતા સાત દિવસ લાગે છે માટે તેની ઉત્પત્તિ અટકાવવા પાણી ભરવાના પાત્રો નિયમિત સાતથી ઓછા દિવસે ખાલી કરી તડકે સુકવવા જોઈએ. વહેલી સવારે કે મોડી સાંજે ઘરના બારી બારણાં બંધ રાખવા જોઈએ. અને સંપૂર્ણ શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા જોઈએ. પક્ષી પરબ, કુલદાની, એરકુલર, ફ્રીઝની ટ્રે વગેરેમાં આ મચ્છરની ઉત્પત્તિ થઈ શકે છે. માટે તેને નિયમિત સાફ કરવા જોઈએ. આ ઉપરાંત ટાંકી, મોટા ટાંકા, ગઢી, ખાડા-ખાબોચિયા વગેરેમાં પણ આ મચ્છર આસાનીથી પેદા થઈ શકે છે. આપણી સાવચેતી એ જ આપણી સુરક્ષા એ સુત્ર મેલેરિયાથી બચવા અપનાવવું યોગ્ય ગણાશે. જાતે જ પોતાના રક્ષક બનવું પડશે.

ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા મેલેરિયા દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જો કે કલોલ અને માણસા તાલુકામાં વણથંભી વિકાસયાત્રાને કારણે આ ઉજવણી એક દિવસ પહેલા આજે કરી દેવામાં આવી હતી.

કૃષિ ઉત્સવના દેખાડા પાછળ ૧૦૦ કરોડથી વધુનો ધૂમાડો

છ લાખ ખેડૂતોને વિજ કનેક્શન મળ્યા નથી : છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦૦૦૦ કરતા વધુ ખેડૂતો અને ખેત મજદૂરોએ આત્મહત્યા કરી છે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૪

ભાજપ સરકાર દ્વારા કૃષિ મહોત્સવ-તાયફા પાછળ સાત વર્ષમાં ૧૦૦ કરોડ કરતા વધુનો સત્તાવાર ખર્ચ છતાં રાજ્યના ખેડૂતો બેહાલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦૦૦૦ કરતા વધુ ખેડૂતો અને ખેત મજદૂરોને આત્મહત્યા કરવી પડી છે ત્યારે ભાજપ સરકાર ઉત્સવો-તાયફા બંધ કરીને ખેડૂતોને તાત્કાલિક રાહત આપે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર કિસાન વિરોધી છે. કૃષિ, ખેતી, બાગાયાતમાં ૫૦ ટકા કરતા વધુ જગ્યાઓ ખાલી છે. રાજ્યમાં છ લાખ ખેડૂતો વર્ષોથી વિજ કનેક્શન વિના રાહ જોઈ રહ્યા છે. યુરિયા-બિયારણના કાળા બજારનો ભોગ રાજ્યના ખેડૂતો બને છે. ગુજરાત એક માત્ર એવું રાજ્યા છે જ્યાં ખાતર પર ચાર ટકા વેટ વસુલાય છે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે રાજ્યમાં રાસાયણિક ખાતરની કુલ જરૂરિયાત કરતા વધુ ખાતર ભાજપ સરકાર રાજનીતિને કારણે ગુજરાતના ખેડૂતોના હક્કના ખાતરનો જત્થો ઉપાડવામાં નિષ્ફલ રહી હતી. ગુજરાતમાં ખેડૂતો અને ખેતી લાયક જમીનમાં ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૧૩ વર્ષમાં નર્મદા માઈનોર કેનાલનું માત્ર ૨૪ ટકા કામ જ થયું છે. પરિણામે ગુજરાતના ભાગે આવતું સુંચાઈનું પાણી દરિયામાં ઠલવાઈ જાય છે. બીજી બાજુ ગુજરાતના ખેડૂતો સિંચાઈના પાણી વિના હાલાકી ભોગવી રહ્યા છે. આ છે ભાજપ સરકારનું વોટર મેનેજમેન્ટ. કૃષિ યુનિવર્સિટીમાં મોટાપાયે ખાલી જગ્યાઓને પરિણામે સંશોધન પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો છે જેના લીધે આધુનિક ખેતીની વાતો માત્ર કાગળ પર છે તેવા આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ગુજરાતના અને દેશના ખેડૂતોની કરોડરજ્જુ તુટી ગઈ છે. કમોસમી વરસાદને આજે ૫૦ દિવસ જેટલો સમય વીતી ગયો છે છતાં ભાજપ સરકારે હજુ સર્વે પણ શરૂ કર્યા નથી. જો ૫૦ દિવસ સુધી સર્વે ન થાય તો પછી ખેડૂતોને ક્યારે રાહત મળશે તે ગંભીર પ્રશ્ન છે. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા જમીન સંપાદનમાં નવા સંશોધનના કારણે ગુજરાતના ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે. ખેડૂતો સતત ભયમાં છે કે ક્યારે સરકાર અમારી જમીન પડાવી લેશે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com